**આકાશવાણી-ભુજ**

**સમાચાર વાચક:- નેહલ ઠક્કર**

**કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)**

તારખ : **25-07-2024** સમય:-સાજે ૬.૨૫ કલાકે

---------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 28 ઓક્ટોબરના રોજ અમરેલી ખાતે 4 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. જેમાં કચ્છ, અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર અને બોટાદ જિલ્લાના લગભગ 1600 જેટલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. આ લોકાર્પણમાં 705 કરોડ રૂપિયાના ખર્ચે પાણી પુરવઠાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. જેમાં અમરેલીના ગાગડિયો નદી પર ભારતમાતા સરોવર, નેશનલ હાઇવે ઓથોરિટી ઑફ ઇન્ડિયાના 2 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યો એક હજાર 94 કરોડના ખર્ચે ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

# મુખ્યમંત્રી – મોબિલિટી કોન્ફરન્સ એક્સપો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'ભારત આજે વિશ્વનું સૌથી મોટું પાંચમું અર્થતંત્ર બન્યું તેમાં છેલ્લા 10 વર્ષમાં થયેલા સામાજિક, આર્થિક વિકાસ અને શહેરીકરણની મહત્વની ભૂમિકા રહી છે.'

ગાંધીનગર ખાતે ત્રણ દિવસની 17મી અર્બન મૉબિલિટી ઇન્ડિયા કૉન્ફરન્સ એન્ડ એક્સ્પો-૨૦૨૪નું ઉદ્ઘાટન કરતાં શ્રી પટેલે આમ જણાવ્યું હતું. અર્બન મૉબિલિટી ક્ષેત્રોમાં રાજ્યોમાં થયેલા વિકાસ અને અનુભવની પરસ્પર આપ-લે કરવામાં આ પરિષદ ઉપયોગી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ પરિષદમાં "શહેરી પરિવહનમાં શ્રેષ્ઠ પધ્ધતિ અપનાવનાર" માટે નવ શ્રેણીમાં પુરસ્કાર અપાશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## મુખ્યમંત્રી – ઈનલેન્ડ વેસેલ્સ નિયમો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં બોટિંગ અને વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી વધુ સલામત અને સુરક્ષિત બનાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. જે અંતર્ગત તેમણે ગુજરાત ઇનલેન્ડ વેસેલ્સ નિયમો 2024ને મંજૂરી આપી છે.

ઇનલેન્ડ વેસેલ્સ એક્ટ, 2021 અને અન્ય સંબંધિત નિયમોની સત્તાઓનો ઉપયોગ કરીને, રાજ્ય સરકારે કાયદા હેઠળ સત્તા અથવા ફરજો નિભાવવા માટે ગુજરાત મેરિટાઈમ બોર્ડના વાઈસ ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરની નિમણૂક કરી છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જાહેર કરાયેલા આ નવા નિયમો રાજ્યમાં વોટર સ્પોર્ટ્સ અને બોટિંગ પ્રવૃત્તિઓને મજબૂત કરશે. શ્રી પટેલે હરણી તળાવ બોટની ઘટના પછી રાજ્યમાં વોટર સ્પોર્ટ્સ તથા બોટિંગ એક્ટિવિટી વધુ સુરક્ષિત અને સલામત બનાવવા પ્રાથમિકતા આપી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## વાવ વિધાનસભા બેઠક ઉમેદવાર

ગુજરાત વિધાન સભાની વાવ બેઠક માટે આજે અંતિમ દિવસે 20 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. કોંગ્રેસે ગુલાબસિંહ રાજપૂતને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપના સ્વરૂપજી ઠાકોર તેમના મુખ્ય હરીફ રહેશે. 28મીએ ઉમેદવારી પત્ર ચકાસણી થશે. 30મી સુધી ઉમેદવારી પછી પત્ર પાછા ખેંચતા ચિત્ર સ્પષ્ટ થશે.

**ચં.વ. પઢ્ણી**

---------------------------------------------------------------------------

## ભુજ – કૃષિમંત્રી રાઘવજી પટેલ

કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોઉદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસમંત્રી રાઘવજી પટેલે શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારોહમાં ભુજના ટાઉનહોલ ખાતે રૂપિયા 1.60 કરોડના ખર્ચે પશુરોગ અન્વેષણ એકમનું ઈ-લોકાર્પણ કર્યું હતું. એવોર્ડ વિતરણ સમારોહ દરમિયાન પશુપાલન મંત્રીએ ૨૧મી પશુધન વસ્તી ગણતરીનો તેમજ પશુપાલક અકસ્માત વીમા યોજનાનો શુભારંભ કરાવ્યો હતો.

શ્રી પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયાસોથી આજે કચ્છ જિલ્લો કૃષિ અને પશુપાલન ક્ષેત્રે અગ્રેસર બન્યો છે એ વાતનો આનંદ વ્યક્ત કર્યો હતો. પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપીને પશુપાલન કરવા મંત્રીએ પશુપાલકોને અનુરોધ કર્યો હતો.

શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર યોજના અંતર્ગત વિવિધ ૬ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર, ઉપરાંત પ્રત્યેક જિલ્લા દીઠ બે એમ કુલ ૬૬ જિલ્લા કક્ષાના પુરસ્કાર, તેમજ તાલુકા દીઠ બે પુરસ્કાર એમ રાજ્યના કુલ ૪૯૬ પશુપાલકોને પુરસ્કારોનું વિતરણ પશુપાલન મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

મા.ખા

---------------------------------------------------------------------------

## દયાપર- મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા

મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત દયાપર ICDS કચેરી ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત ઝુંબેશના દિવસોમાં લાયકાત ધરાવતા લાભાર્થીઓના વધુમાં વધુ ફોર્મ-૬ ભરાવી નોંધણી થાય તે સંદર્ભના તમામ મુદ્દાઓ આવરી લેવા સાથે લાભાર્થીની નોંધણી થાય તે માટે ખાસ કેમ્પનું આયોજન કરવા સૂચનાઓ તથા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

મા.ખા

---------------------------------------------------------------------------

## સ્વચ્છતા હી સેવા અભિયાન

સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત અંજાર, માંડવી, રાપર, નખત્રાણા, ભચાઉ, ભુજ, ગાંધીધામ નગરપાલિકા દ્વારા સફાઇ અભિયાન ચલાવાઇ રહ્યું છે. જેમાં જાહેર માર્ગો, જાહેર ચોક, સર્કલ વગેરે સ્થળોની નિયમિત સફાઇ સાથે જનજાગૃતિ વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. ઉપરાંત ગાંધીધામ તાલુકા પંચાયત કચેરી, રાપર મામલતદાર કચેરી સહિત જિલ્લામાં અન્ય કચેરીઓમાં પણ સફાઇ અભિયાન હાથ ધરાયું હતું.

ગ્રામ્ય વિસ્તારમાં કિડાણા, નારાયણ સરોવર, કાનમેર વગેરે ગામમાં જાહેર વિસ્તાર, શેરી, તળાવ વગેરેની જનભાગીદારી સાથે સફાઇ કરાઇ હતી.

મા.ખા.

---------------------------------------------------------------------------